ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી




વર્ષ : ૩
વર્ષ અંક : ૮
સળંગ અંક : ૨૦
ઓકટોબર / નવેમ્બર : ૨૦૧૨


લવાજમ વિનાનું નિયતકાલીન માસિક


**સંપાદક**

મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦





**આ અંકના સૌજન્યદાતા**

શ્રી અમરીષકુમાર પટેલ
મદદનીશ શિક્ષક,
પે સેન્ટર પ્રા. શાળા અલીન્દ્રા,
તા.માતર, જિ : ખેડા.
પીન.૩૮૭૫૧૦
મો.9879069177


'સરદાર વલ્લભભાઈ પટેલ'
(૧૮૭૫–૧૯૫૦)

## ૦ સાંકળિયું ૦

(૧) મારી વાત........................૨

(૨) 'બાળવિશ્વ' સામયિક.........૩

(૩)'ટમટમ' સામયિક............૫

(૪)સરદાર અને સમયચક્ર.........૭

(૫) આ માસના મહાનુભવો.....૧૦

(૬) આશીર્વચન...................૧૧

## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ૦ મારી વાત...૦

**● મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના ઓકટોબર–નવેમ્બર : ૨૦૧૨ના અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

મિત્રો ઓકટોબર માસમાં ભારત દેશની ઘણી મહાન વિભૂતિઓની જન્મ જયંતી આવે છે.૨– ઓકટોબર અને ૩૧ ઓકટોબર એ બેઉ પવિત્ર પર્વ ગણી શકાય.રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને રાષ્ટ્રનાયક સરદાર પટેલના જન્મદિન નિમિત્તે તેમના વિચારો અને કાર્યો ભણી એક નજર નાખવાની આજની ક્ષણ છે.બેઉ મહાન વ્યકિતઓ આજેય આપણને સૌથી વધુ પ્રસ્તુત લાગે છે.આ મહાન વ્યકિતઓના યોગદાન માટે સમગ્ર રાષ્ટ્ર એમનું ઋણી રહેશે.

'દીવાદાંડી' માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતા રહ્યા છે.

'દીવાદાંડી'ને વધુ ઉત્તમ બનાવવા સંદર્ભે આપના સૂચનો જણાવશો તો ગમશે.આભારની લાગણી સહ...

**'મા તુજે સલામ'**

**– મનીષ સુથાર**

# ० બાળવિશ્વ સામયિક ०







બાળ વિશ્વવિદ્યાલય ( ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ),ગાંધીનગર દ્વારા જુલાઈ : ૨૦૧૨ થી "બાળવિશ્વ" સામયિક શરૂ કરવામાં આવ્યું છે.પ્રસ્તુત માસિક સામયિકમાં દર માસે પ્રાથમિક શિક્ષણ જગતને ખૂબ ખૂબ ઉપયોગી થઈ પડે તેવું અમૂલ્ય સાહિત્ય પીરસવામાં આવે છે.

**આ સામયિક સબંધી સામાન્ય જાણકારી નીચે મુજબ છે.**

**'બાળવિશ્વ' ના ગ્રાહક બનવા અંગે.**

'બાળવિશ્વ' ને ગુજરાતભરમાંથી સુંદર આવકાર મળતો રહે છે અને તે દ્વારા 'બાળવિશ્વ' વિસ્તરી રહ્યું છે.આપ શુલ્ક જમા કરાવવા ઈચ્છો તો નીચેની વિગતો નોંધી લેશો.

(૧) આપ આપના ગામ/શહેર કે નગરની બેંક ઓફ ઈન્ડિયા અથવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં નીચે જણાવેલ ખાતા નંબર અને યુનિવર્સિટીનું નામ લખી સ્થાનિક બેંકમાં રૂ.૧૫૦/– ભરી આપનું શુલ્ક મોકલી શકો છો. (૨) આપે પૈસા જમા કરાવવાની જે સ્લીપ ભરી હોય તેનું અડધીયું ( કાઉન્ટર ફોઈલ ) તથા સાદા કાગળમાં તેની સાથે

આપનું પૂરું સરનામું નામ,પીનકોડ તથા આપનો લેન્ડલાઈન ફોન નંબર આપના શહેરના **STD** કોડ સાથે તેમજ આપનો મોબાઈલ નંબર લખી નીચેના સરનામે ત્વરીત મોકલી આપશો. (૩) શુલ્ક રૂ. ૧૫૦/– ભરવા માટેની બેંકોના ખાતા નંબરો નીચે મુજબ છે.ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નામે જે–તે બેંકનો જણાવેલ ખાતા નંબર લખી તે બેંકમાં પૈસા ભરવાની સ્લીપ દ્વારા રૂ.૧૫૦/– ભરશો.જણાવેલી બે બેંકોમાંથી જે બેંક આપના શહેરમાં હોય તેમાં પૈસા જમા કરાવી શકો છો. (૪) જે માસમાં આપનું શુલ્ક બેંકમાં જમા થયું હશે તે માસથી આપ 'બાળવિશ્વ' મેળવી શકશો.

| ક્રમ | બેંકનું નામ | વિગત |
| --- | --- | --- |
| ૧. | બેંક ઓફ ઈન્ડિયા માટે રોકડેથી અથવા ચેકથી | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી **SB A/C No.202010110017834** |
| ૨. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માટે ફકત સ્થાનિક ચેકથી | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી **SB A/C No.32175204871** |
| ૩. | મનીઓર્ડર દ્વારા પોસ્ટમાં પોતાનું નામ,સરનામું,પીનકોડ નંબર તથા ફોન નંબર લખી શુલ્ક ભરી શકાશે. | |

**–: પત્ર વ્યવહારનું સરનામું :–**


તંત્રીશ્રી ,

'બાળવિશ્વ' માસિક ,

બાળ વિશ્વવિદ્યાલય,

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,

સેકટર – ૨૦ , ગાંધીનગર.

ફોન નંબર : 079 / 23244576 , 23244569

vccu.gujarat@gmail.com

www.cugujarat.ac.in


**( માહિતી સ્ત્રોત : 'બાળવિશ્વ' સપ્ટેમ્બર,૨૦૧૨ ના અંકમાંથી સાભાર...)**

# ૦ ટમટમ સામયિક ૦



માનદ્ સંપાદક : મધુકાન્ત જોષી
સહસંપાદક : જિગર જોષી 'પ્રેમ'

લવાજમ વગર
અનિયતકાલીન

ટમટમ

વર્ષ : ૨૩ અંક : ૯૪
ઓગસ્ટ–સપ્ટેમ્બર : ૨૦૧૨

**મેળો** – મહીપતરામ જોષી

એ...રંગીલો મેળો આવ્યો રે...
મોજીલો મેળો આવ્યો રે...
મનગમતાં રંગીન રમકડાં
છેલછબીલો લાવ્યો રે... રંગીલો.

પચરંગી પોપટ લે પપ્પા
મમ્મી લેતી મેના
કલબલ કરતી કાબર સાથે
ચકલી લેતી બેના
હું હાથી લઈ ફૂલાયો રે... રંગીલો.

કોઈ વગાડે સિસોટી
ને ફુગ્ગો કોઈ ફૂલાવે
ઢોલ ઢબૂકે વાજા વાગે
પાવો ભાન ભૂલાવે
મેં રાસ મજાનો ગાયો રે... રંગીલો

ઘડીક ઊંચે ઘડીક નીચે
હિંચ્યા ખૂબ હિંડોળે
ફજેત ફાળકે બધાંય બેઠા
ચક્કર ચડયા ચકડોળે
અંતર ઉલ્લાસ છવાયો રે... રંગીલો

સગાં, સંબંધી, સૌનો મેળો,
આ મેળામાં થાતો
અબોલડા મેલી સૌ બોલે
પ્રેમ સુધારસ પાતો
મેળાનો લાભ સવાયો રે... રંગીલો

મળો તો મેળો મળે : જય હો

'ટમટમ' સાચે જ ટમટમતો તારલો છે.બાળસેવાર્થે જ છેલ્લા ૨૨ ( બાવીસ ) વર્ષથી નિરંતર લવાજમ વગર ચાલ્યા જ કરે છે.અને તે બાળકોને,વાલીઓને,શિક્ષકોને,સુજ્ઞ સમાજસેવકોને એક સૂત્રના તાંતણે એકબીજાને સાંકળવાનું અવિરતપણે કામ કરે છે.સમાજમાંથી બાળક એકલું ન પડી જાય તે માટે તેને જ્ઞાન–ગમ્મતનું ભરપૂર ભાથું આ 'ટમટમ' પત્રિકા દ્વારા મળી રહે છે.'ટમટમ' અંગત ખાનગી વિતરણ છે.બાળકો માટેની આ નાનકડી સાહિત્યિક સેવા–સેતુકાર્યમાં આપ પણ જોડાઈ શકો છો.

બાળકોના જન્મદિને,સંસ્થા સ્થાપના દિને,પુણ્યતિથિએ,લગ્નપ્રસંગે કે કોઈ અવનવા પ્રસંગે 'ટમટમ' ના એકથી વધારે અંકો મંગાવીને કે એક પાનું શુભેચ્છક તરીકે,સારો પ્રસંગ–બોધકથા કે ગીત મોકલીને પુષ્પ નહીં તો પુષ્પપાંખડી આર્થિક સહયોગ મોકલીને 'ટમટમ' ને 'ટમટમતું' રાખવા આપ સૌને વિશ્વના તમામ ભૂલકાંઓ વતી પ્રાર્થના છે.'ભૂલકે ભૂલકાં મારી કવિતા.' આ પત્રિકા અનિયતકાલીન કયારેક પરંતુ ચોક્કસ બાળશ્રદ્ધા સાથે પ્રકાશિત થાય છે.તે માટે હું તમે આપણા સહુની જવાબદારી છે.તો આવો આ સાવ નાનકડા ઉત્તમ કાર્ય માટે કટિબદ્ધ થઈએ.આપણે નહીં કરીએ તો કોણ કરશે ?

**'એવું કોઈ કામ નથી કઠણ કામ રે તમે સોંપો ને ન થાય ઘનશ્યામ રે...'**

## —: માલિક—પ્રકાશક—સંપાદક :—


**મધુકાન્ત જોષી**

**( હાસ્ય તજ્જ્ઞ,બાળસાહિત્યકાર,શબ્દ—ચિત્રકાર )**

૫૯/ગંગોત્રી પાર્ક,શબ્દ—ચિત્ર કલા ભવન,યુનિ. રોડ,

રાજકોટ – ૫. ફોન.0281 / 2584160

MO.9925157475 / 9998544927


- **શ્રી મધુકાન્ત જોષીની અન્ય પ્રવૃતિઓ :**

(૧) 'ટમટમ' લવાજમ વગરનું બાળ સામયિક ( છેલ્લા ૨૨ વર્ષથી અવિરત...)

(૨) શબ્દ ચિત્ર કલા ભવન ( ૧૦૦ થી પણ વધુ શબ્દચિત્રો એક જ સ્થળે.)

(૩) પંખી જાગૃતિ અભિયાન અંતર્ગત બાળકો માટે પંખી ચિત્ર સ્પર્ધાનું આજીવન અભિયાન.

(૪) 'રચના' સાહિત્ય વર્તુળ દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિઓ.

**( માહિતી સ્ત્રોત : 'ટમટમ' ઓગસ્ટ—સપ્ટેમ્બર : ૨૦૧૨ ના અંકમાંથી સાભાર...)**

---

## ઋણ સ્વીકાર


આકટોબર—નવેમ્બર : ૨૦૧૨ ના આ અંક માટે મારા પરમ સ્નેહી મિત્ર અને પે સેન્ટર પ્રાથમિક શાળા અલીન્દ્રા, તા.માતર, જિ : ખેડામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક શ્રી અમરીષકુમાર ચંદુભાઈ પટેલ તરફથી પોતાના જન્મદિન **( ૧૧.૧૦.૧૯૭૮ )** નિમિત્તે સૌજન્ય દાન મળેલ છે.પોતાના જન્મદિન નિમિત્ત આ નાનકડા જ્ઞાનયજ્ઞમાં આર્થિક સહયોગ આપવા બદલ હું તેમનો આભાર વ્યકત કરું છું.મા શારદા તેમને દીર્ઘાયુ અર્પે અને સર્વ સુખ સંપદા અર્પે તેવી પ્રાર્થના સાથે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.આભાર...ધન્યવાદ...

## ૦ સરદાર અને સમયચક્ર ૦

| | |
|---|---|
| ૧૮૭૫ | ૩૧ ઓક્ટોબરના રોજ મોસાળ નડિયાદમાં જન્મ. |
| ૧૮૯૩ | ગાના ગામનાં ઝવેરબા સાથે લગ્ન. |
| ૧૮૯૭ | નડિયાદની હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ થયા. |
| ૧૯૦૦ | ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરીને ગોધરામાં વકીલાતની શરૂઆત. |
| ૧૯૦૨ | ગોધરાથી બોરસદ આવ્યા. |
| ૧૯૦૪ | પુત્રી મણીબહેનનો જન્મ. |
| ૧૯૦૫ | પોતાની જગ્યાએ મોટાભાઈ વિઠ્ઠલભાઈને બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડ જવાની તક આપી.પુત્ર ડાહ્યાભાઈનો જન્મ. |
| ૧૯૦૯ | વિધુર થયા. |
| ૧૯૧૦ | બેરિસ્ટર બનવા માટ ઈંગ્લેન્ડ ગયા. |
| ૧૯૧૩ | બેરિસ્ટર બનીને ભારત પાછા આવ્યા.મુંબઈને બદલે અમદાવામાં સ્થાયી થયા. |
| ૧૯૧૫ | ગુજરાત સભાના સભ્ય તરીકે જાહેર જીવનમાં ઔપચારિક પ્રવેશ. |
| ૧૯૧૭ | અમદાવાદ મ્યુનિસિપાલીટી સભ્ય તરીકે ચૂંટાઈને જાહેરજીવનમાં સક્રિય બન્યા.પહેલી ગુજરાત પ્રાંતિક પરિષદના પ્રમુખ ગાંધીજીએ રચેલી સમિતિમાં વલ્લભભાઈ સેક્રેટરી બન્યા. |
| ૧૯૧૮ | અમદાવાદમાં દુષ્કાળરાહતનું કામ કર્યું. |
| ૧૯૧૯ | અમદાવાદ મ્યુનિસિપાલીટીની મેનેજિંગ કમિટીના ચેરમેન બન્યા.રોલેટ એક્ટ સામે ચળવળ ઉપાડી. |

| | |
|---|---|
| ૧૯૨૦ | તેમની આગેવાની હેઠળ અમદાવાદ મ્યુનિસિપાલીટીની ચૂંટણીમાં કોંગ્રેસનો નિર્ણાયક વિજય થયો. |
| ૧૯૨૧ | અમદાવાદમાં યોજાયેલા કોંગ્રેસના ૩૭ મા વાર્ષિક અધિવેશનમાં સ્વાગત પ્રમુખ બન્યા. |
| ૧૯૨૨ | છેક રંગૂન સુધી પ્રવાસ ખેડીને ગુજરાત વિદ્યાપીઠ માટે રૂ. ૧૦ લાખ જેટલું ભંડોળ એકત્રિત કર્યું. |
| ૧૯૨૩ | નાગપુરના ઝંડા સત્યાગ્રહની અને બોરસદના હૈડિયાવેરા વિરોધી સત્યાગ્રહની આગેવાની લીધી. |
| ૧૯૨૪ | અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ તરીકે ચૂંટાયા. |
| ૧૯૨૭ | ગુજરાતમાં પૂરરાહતનું કાર્ય કુશળતાથી પાર પાડયું. અમદાવાદ મ્યુનિસિપાલીટીના કર્મચારીઓ માટે ખાદીનો ગણવેશ દાખલ કર્યો. |
| ૧૯૨૮ | બારડોલી સત્યાગ્રહની આગેવાની લીધી અને વલ્લભભાઈમાંથી 'સરદાર' બન્યા. |
| ૧૯૨૯ | કોંગ્રેસ પ્રમુખ તરીકે પહેલી વાર તેમનું નામ મૂકાયું,પણ જવાહરલાલની તરફેણમાં તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી. |
| ૧૯૩૦ | જાહેરજીવનમાં આવ્યા પછી પહેલી વાર રાસ ગામેથી તેમની ધરપકડ થઈ અને જેલની સજા થઈ.આ વર્ષમાં ત્રણ વાર તેમને જેલની સજા પડી. |
| ૧૯૩૧ | કોંગ્રેસના કરાંચી અધિવેશનમાં પ્રમુખ તરીકે ચૂંટાયા. |
| ૧૯૩૨ | ૧૬ માસની જેલ પડી.માતા લાડબાઈનું મૃત્યું. |
| ૧૯૩૩ | મોટાભાઈ વિઠ્ઠલભાઈનું મૃત્યું. |
| ૧૯૩૪ | નાકની ગંભીર બીમારી થતાં પૂનામાં ઓપરેશન કરાવ્યું. |

| | |
|---|---|
| ૧૯૩૫ | બોરસદ તાલુકામાં પ્લેગરાહતનું કાર્ય સંભાળ્યું. |
| ૧૯૩૭ | કોંગ્રેસી નેતા કે.એફ. નરીમાનને મુંબઈ પ્રાંતની કોંગ્રેસ સમિતિના પ્રમુખ બનવા ન દીધા,એ માટે કડવો વિવાદ થયો. |
| ૧૯૩૮ | કાઠિયાવાડમાં તેમની હત્યાનું કાવતરું નિષ્ફળ ગયું.હરિપુરા અધિવેશનમાં સ્વાગત પ્રમુખ તરીકેની જવાબદારી ઉત્તમ રીતે નિભાવી. |
| ૧૯૪૦ | સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ધરપકડ થઈ. |
| ૧૯૪૧ | આંતરડાની બીમારીની સારવાર કરાવી. |
| ૧૯૪૨ | 'હિંદ છોડો' આંદોલનના પગલે ધરપકડ.જીવનનો સૌથી લાંબો કારાવાસ. |
| ૧૯૪૫ | લગભગ પોણા ત્રણ વર્ષની જેલ પછી મુકિત.આંતરડાની બીમારીએ ઉથલો માર્યો. |
| ૧૯૪૭ | આઝાદ ભારતના નાયબ વડાપ્રધાન,ગૃહમંત્રી,માહિતી પ્રસારણ મંત્રી બન્યા.દેશી રજવાડાંના વિલીનીકરણની ઐતિહાસિક પ્રક્રિયાનો આરંભ. |
| ૧૯૪૮ | જૂનાગઢ અને હૈદરાબાદને ભારતમાં ભેળવી દીધા.ગાંધીજીના મૃત્યું પછી માનસિક રીતે ભારે ધક્કો અનુભવ્યો. |
| ૧૯૪૯ | જુદાં જુદાં રજવાડાં સંઘ રચવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ આગળ વધી.રાજવીઓ માટે સાલિયાણાં નક્કી કર્યાં. |
| ૧૯૫૦ | ૭૫ મા જન્મદિન નિમિત્તે દોઢ લાખ રૂપિયાની થેલી અર્પણ થઈ.જે તેમણે કોંગ્રેસની પ્રાંતિક સમિતિને આપી દીધી. |
| ૧૯૫૦ | ૧૫ ડિસેમ્બરની સવારે મુંબઈમાં અવસાન થયું |

**( સરદાર : સાચા માણસ,સાચી વાત. )**

# ૦ આ માસના મહાનુભવો ૦

| મહાનુભવ | ક્ષેત્ર | જન્મ | અવસાન |
|---|---|---|---|
| ડો.એની બેસન્ટ | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા / સાહિત્ય | 01.10.1847 | 20.09.1933 |
| મહાત્મા ગાંધીજી | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા / સાહિત્ય / કેળવણી | 02.10.1869 | 30.01.1948 |
| શ્યામજી કૃષ્ણવર્મા | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા | 04.10.1857 | 31.03.1931 |
| કિશોરલાલ મશરૂવાળા | સાહિત્ય / કેળવણી | 05.10.1890 | 09.09.1952 |
| ડો.મેઘનાદ સાહા | વિજ્ઞાન / શિક્ષણ | 06.10.1893 | 16.02.1956 |
| મિલ્ખાસિંઘ | રમત ( દોડ ) | 08.10.1935 | - |
| પ્રો. ધર્માનંદ કોસંબી | શિક્ષણ / સાહિત્ય | 09.10.1876 | 03.06.1946 |
| આર.કે.નારાયણ | સાહિત્ય | 10.10.1906 | 13.05.2001 |
| જયપ્રકાશ નારાયણ | સ્વાતંત્ર્ય ચળવળ | 11.10.1902 | 08.10.1979 |
| અમિતાભ બચ્ચન | હિન્દી ફિલ્મ | 11.10.1942 | - |
| વિજય મરચન્ટ | રમત ( ક્રિકેટ ) | 12.10.1911 | 27.10.1987 |
| ભૂલાભાઈ જીવણજી દેસાઈ | સ્વાતંત્ર્ય ચળવળ | 13.10.1827 | 06.05.1946 |
| રઝિયા સુલતાન | સ્ત્રી રાજયકર્તા ( દિલ્હી ) | 14.10.1240 | - |
| ડો.અબ્દુલ કલામ | વિજ્ઞાન / શિક્ષણ / સેવા/ સાહિત્ય / | 15.10.1931 | - |
| રાષ્ટ્રવીર છેલભાઈ | સ્વાતંત્ર્ય ચળવળ | 16.10.1889 | - |
| અનિલ કુંબલે | રમત ( ક્રિકેટ ) | 17.10.1970 | - |
| મહાત્મા જ્યોતિરાવ ફૂલે | શિક્ષણ / સેવા | 18.10.1827 | 27.11.1890 |
| દાદા પાંડુરંગ આઠવલે | શિક્ષણ / સેવા | 19.10.1920 | 25.12.2003 |
| ગોવર્ધનરામ ત્રિપાઠી | ગુજરાતી સાહિત્ય | 20.10.1855 | 04.01.1907 |
| જ્યોતીન્દ્ર દવે | ગુજરાતી હાસ્ય સાહિત્ય | 21.10.1901 | 11.09.1980 |
| અશફાક ઉલ્લાખાન | સ્વાતંત્ર્ય ચળવળ | 22.10.1900 | 29.12.1927 |

| | | | |
|---|---|---|---|
| બળવંતરાય ઠાકોર | ગુજરાતી સાહિત્ય ( સોનેટ ) | 23.10.1869 | 02.01.1952 |
| શિશિરકુમાર મિત્રા | વિજ્ઞાન | 24.10.1890 | 13.08.1963 |
| થોમસ મેકોલે | શિક્ષણ | 25.10.1800 | 28.12.1859 |
| પુણ્ય વિજયજી મહારાજ | શિક્ષણ / સાહિત્ય | 27.10.1895 | 14.06.1971 |
| ભગિની નિવેદિતા | શિક્ષણ / સેવા | 28.10.1867 | 13.10.1911 |
| ડૉ.ચંદ્રશેખર સુબ્રહમણ્યમ | વિજ્ઞાન | 29.10.1910 | 1995 |
| ડૉ.હોમીભાભા | વિજ્ઞાન | 30.10.1909 | 24.01.1966 |
| સરદાર પટેલ | સ્વાતંત્ર્ય ચળવળ / શિક્ષણ / સેવા | 31.10.1875 | 15.12.1950 |

# ૦ આશીર્વચન ૦

૦૩–૦૯–૨૦૧૨

**શ્રી મનીષ સુથાર**
સંપાદકશ્રી : દીવાદાંડી,
સમાદરા.

સ્નેહી **શ્રી મનીષભાઈ,**
સાદર વંદન,
શ્રેય સતત સધાતું રહે, તેવી શુભકામના.

ઈમેઈલ દ્વારા દીવાદાંડી મળી, **આભાર.**

જુદી જુદી વેબસાઈટની માહિતી સૌને ઘણી ઘણી ઉપયોગી થશે, તમારો આ વિચાર ખૂબ જ સરસ છે, એ માટે **અભિનંદન.**

અંકમાં બીજી પણ સારી અને ઉપયોગી માહિતી છે, **અભિનંદન.**

આભારી

(સુરેશ સોની)
સ્થાપક અને મેને.ટ્રસ્ટી

આદરણીય પ્રિય સં. અને શિક્ષકશ્રી મનીષભાઈ,

નમસ્કાર...મજામાં...વિશેષમાં આપના તરફથી મને આપનું 'દીવાદાંડી' મળ્યા કરે છે.મોકલો છો ખૂબ ગમે છે.એમાંય હું તો શિક્ષક નથી.પરંતુ તમે સપ્ટેમ્બર : ૨૦૧૨ના અંકમાં પૂ.મોરારીબાપુ અને શ્રી ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનને મૂકયા – યાદ કર્યા આ માટે તમોને પણ વંદન કરું છું.તમો સુંદર સાહિત્ય,કેળવણી,શિક્ષણ આગામી પેઢીને પીરસો છો તે માટે અભિનંદન.સાથે ગૌરવ છે.પ્રેમાધીન...

**– શ્રી મધુકાન્ત જોષી**

**બાળ સાહિત્યકાર,રાજકોટ.**

પ્રિય મનીષભાઈ,

નમસ્તે, 'દીવાદાંડી' દ્વારા તમારી પ્રેમપ્રકાશધારાનું તેજ જાણ્યું–માણ્યું.શિક્ષણ સુધારણા સ્વયં શિક્ષકોના હક્ક–ફરજની બાબત છે.તમે એ હક્કપૂર્વક ફરજ સાથી મિત્રોને સથવારે બજાવી રહ્યા છો.જો આ જ દ્રષ્ટિ અને આયોજનથી આગળ વધશો તો આપણી 'દીવાદાંડી' ઘણા વિદ્યાવહાણોને ખરી દિશા બતાવી નક્કર કામ કરશે.ધન્યવાદ...આભાર...

**– શ્રી ઈશ્વર પરમાર**

**બાળ સાહિત્યકાર અને કેળવણીકાર,**

**દ્વારકા.**

## પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન


**મનીષ સુથાર**

**મદદનીશ શિક્ષક**

**પ્રાથમિક શાળા,સમાદરા.**

**તા.જિ : ખેડા.**

**પિન.૩૮૭૧૨૦**

**મો.૯૦૯૯૧૭૨૧૭૭**

**E-mail:manishsuthar123@gmail.com**


**TO.** **PRINTED METTER**

............................................................

............................................................

............................................................

............................................................

**PIN.**

**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**